INDIAGRO
Catalysing the farm economy

# INDIAGRO CONSORTIUM PRODUCER COMPANY LTD.

info@indiagro.org 9106570738

# તલની ખેતી પધ્ધતિ

| | |
|---|---|
| **જમીન, આબોહવા અને જમીનની તૈયારી** | તલનો પાક ભારે વાતાવરણની પ્રતિકૂળતા સામે ટકી શકતો નથી, આ પાકને ગોરાડુ અને મધ્મ કાળી જમીન વધુ માફક આવે છે. રોગ-જીવાતનો ઉપદ્રવ ઓછો કરવા અને સારા વિકાસ માટે આગલા પાકના અવશેષો દૂર કરી હળની 1 ખેડ અને કરબની 2 થી 3 ખેડ કરી જમીન સમતલ અને ભરભરી બનાવવી. |
| **વાવેતર સમય, વાવેતર અંતર અને બીજદર** | ચોમાસુ પાકની વાવણી જૂન-જુલાઇ માસમાં વાવણી લાયક વરસાદ થાય ત્યારે કરવી. ઉનાળુ વાવણી ફેબ્રુવારી મહિનાના બીજા પખવાડિયે તાપમાન વધવા લાગે ત્યારે કરવી. ઉનાળુ તલનું વાવેતર ઠંડી ઓછી થયે ફેબ્રુઆરીના પ્રથમ પખવાડિયામાં કરવું હિતાવહ છે. અર્ધ શિયાળુ તલની વાવણી 15 ઓગસ્ટ થી 15 સપ્ટેમ્બર સુધી કરવી. ચોમાસુ અને અર્ધશિયાળુ તલ 60 x 15 સેમી અંતરે અને ઉનાળુ વાવણી 45 x 15 સેમી અંતરે કરવી. 1 એકરમાં ચોમાસુ વાવણી માટે 1 થી 1.25 કિલો, ઉનાળુ માટે 1.25 અને અર્ધશિયાળુ માટે 1 કિલો બીજ લેવું. બીજનું સમાન વિતરણ થાય એ માટે બીજને રેતી ભેગું ભેળવીને વાવવું. |
| **વાવવા લાયક જાતો** | **સંશોધિત જાતો :** ફૂલે બુલબુલ (ફૂલે 85), ફૂલે મેના (ફૂલે 65), ફૂલે ગરુડ (ફૂલે 80), ફૂલે કોયલ (ફૂલે 90), ફૂલે સારસ (ફૂલે 72)<br>**નોટિફાઇડ જાતો :** ગુજરાત તલ-1, ગુજરાત તલ-2, ગુજરાત તલ-3, ગુજરાત જુનાગઢ તલ-5, ગુજરાત તલ-6 અને ગુજરાત તલ-7 (સફેદ તલ), ગુજરાત તલ-10 અને ગુજરાત તલ-11 (કાળા તલ) |
| **ખાતર વ્યવસ્થાપન** | હેકટર દીઠ 50 કિલોગ્રામ નાઈટ્રોજન અને 25 કિલોગ્રામ ફોસ્ફરસ આપવાની ભલામણ છે. જે પૈકી 25 કિલોગ્રામ નાઈટ્રોજન અને 25 કિલોગ્રામ ફોસ્ફરસ પાયાના ખાતર તરીકે આપવું, જયારે બાકીનો 25 કિલોગ્રામ નાઈટ્રોજન વાવણી બાદ 30 દિવસે પૂર્તિ ખાતર તરીકે આપવું. જમીનમાં સલ્ફરની ઊણપ હોય તો હેકટરે 20 કિલોગ્રામ સલ્ફર જીપ્સમના રૂપમાં આપવું. |
| **પિયત વ્યવસ્થાપન** | ઉનાળુ પાકના સારા વિકાસ માટે વાવેતર બાદ તરત પિયત આપવું. બીજું 6 દિવસ બાદ એમ 8-10 પિયત 8-10 દિવસના અંતરે આપવા. કટોકટીની અવસ્થાઓ: ફૂલ આવવાની શરૂવાત થાય ત્યારથી બેઢા બેસે ત્યાં સુધી પાણીની ખેંચ ના વર્તાય તે જોવું. |
| **નિંદામણ અને આંતરખેડ** | નિંદણ નિયંત્રણ માટે વાવણી પછી 48 કલાકમાં પેન્ડીમેથાલીન @ 700 મિલી/એકર/200 લિટર પાણી મુજબ ભેળવી છાંટો. નિંદણનિયંત્રણ માટે વાવણીના 15 અને 30 દિવસે એમ બે વખત આંતરખેડ અને હાથ નિંદામણ કરવું. આંતરખેડ અને અન્ય માવજત: પાકમાં ફૂલની શરૂઆત થાય ત્યારે પાળા ચઢાવવા. ફૂલ આવે ત્યારે આંતરખેડ કરવી નહી. છોડની પૂરતી સંખ્યા જાળવવા છોડ જ્યારે 12-15 સેમી ઊંચાઇના થાય ત્યારે બે છોડ વચ્ચે આશરે 15 સેમી જેટલું અંતર રાખી પારવણી કરવી. |

**તલમાં રોગ- જીવાત નિયંત્રણ**

| **પાન વાળનારી/ કળી ખાનાર / બૈઢા ખાનાર ઇયળ** | **ભૂતિયું ફૂદું** | **ગાંઠિયા માખી** |
|---|---|---|

INDIAGRO Catalysing the farm economy

<table>
<tr><td colspan="2">નાની ઇયળો 2-3 પાન ભેગા કરી તેમની વચ્ચે રહી પાન ખાય છે, ફૂલ અવસ્થાએ ઇયળ કળીઓ ખાય અને બૈઢા અવસ્થાએ શિંગોમાં નુકસાન કરે છે.</td><td>ભૂતિયું કૂદું ખાઉધરી જીવાત છે તે પાન ખાઈ ખાલી નશો બાકી રાખે છે. ઇયળ શરીરના છેડે કાંટા જેવો ભાગ ધરાવે છે.</td><td>ગાંઠિયા માખીને લીધે ફૂલમાંથી બૈઢા ન બનતા પેપડી આકારનો વિકૃત ફળ બને છે. ખેડૂતો તેને પેપડીનો રોગ કહે છે.</td></tr>
<tr><td>નિયંત્રણ</td><td colspan="3">નિયંત્રણ માટે, ઇંડોક્ષાકાર્બ 14.5 SC @ 5 મિલી + સ્ટિકર @ 6 મિલી/10 લિટર પાણી અથવા સ્પીનોસેડ 45 SC @ 7.5 મિલી/15 લિટર પાણી અથવા ફિપ્રોનિલ 5 SC @ 30 મિલી/15 લિટર પાણી અથવા લેમ્ડાસાઈલોહેથ્રિન 5 EC @ 7.5 મિલી/15 લિટર પાણી અથવા થાયોડીકાર્બ 75 WP @ 40 ગ્રામ/15 લિટર પાણી મુજબ છાંટો.</td></tr>
<tr><td colspan="4">ચૂસીયા જીવાત (મોલોમશી, સફેદ માખી, લીલા તડતડિયા વગેરે)</td></tr>
<tr><td colspan="4">લક્ષણો : લીલા તડતડીયા પાનમાંથી  રસ ચૂસે છે. આ જીવાત ફૂલના ગુચ્છાના રોગના વિષાણુનો  ફેલાવો કરે છે. મોલોમશી અને સફેદ માખી પાનમાંથી રસ ચૂસે છે. જેથી છોડ પીળા પડે છે.<br>નિયંત્રણ : ચૂસીયા જીવાત ઓછી  હોય તો કેતકીનો રસ @ 350 મિલી/15 લિટર પાણી મુજબ છાંટો. વધુ હોય તો ઈમીડાક્લોપ્રિડ @ 3 મિલી/10 લિટર પાણી અથવા  થાયોમેથોકઝામ @ 4 ગ્રામ/10 લિટર પાણી અથવા એસિફેટ 50% + ઇમિડાક્લોપ્રીડ 1.8 SC @ 50 ગ્રામ/15 લિટર પાણી અથવા ફ્લોનીકેમિડ @ 6 મિલી/15 લિટર પાણી મુજબ છાંટો.</td></tr>
<tr><td colspan="2">થડ અને મુળનો કોહવારો</td><td>જીવાણુથી થતો સુકારો</td><td>થડ અને બૈઢા પર પડતાં ચાઢા</td></tr>
<tr><td colspan="2">થડ અને મૂળના સુકારાના રોગ થી રક્ષણ મેળવવા વાવણી પહેલા 2.5 કિલો ટ્રાઇકોડર્મા વિરીડી 50 કિલો સારા કોહવાયેલા છાણિયા ખાતરમાં ભેળવી 1 એકરમાં આપવું. થડ અને મૂળના સુકારાના રોગ નિયંત્રણ માટે કોપરઓક્સિક્લોરાઈડ 50 WP @ 500 ગ્રામ + 150 ગ્રામ કાર્બેન્ડેઝીમ/એકર મુજબ આપો.</td><td>આ રોગમાં પાન પર પાણીપોચા ટપકા દેખાય છે. જે ઉપદ્રવ વધતાં બદામી થઇ જાય છે. રોગ જણાય તો સ્ટ્રેપ્ટોસાયકલીન @ 1 ગ્રામ + કોપરઓક્સિક્લોરાઈડ 50 WP @ 45 ગ્રામ/15 લિટર પાણી મુજબ છાંટો.</td><td>શરૂઆતમાં થડ પર લાલ ટપકા પડે છે. પાછલી અવસ્થાએ છોડ કાળો પડી સુકાઇ જાય છે. નિયંત્રણ માટે રોગની શરૂઆત થતાં જ મેંકોજેબ @ 25 ગ્રામ/10 લિટર પાણી મુજબ 15 દિવસના અંતરે 3 વાર છાંટો. અસરકારક નિયંત્રણ માટે બાઇટરલેટોન 25 WP @ 30 ગ્રામ/15 લિટર પાણી અથવા ક્લોરોથેલોનીલ @ 30 મિલી/15 લિટર પાણી અથવા ટેબૂકોનાઝોલ 250 EC @ 15 મિલી/15 લિટર પાણી અથવા કાર્બેડાઝીમ 12% + મેંકોઝેબ 63 WP @ 30 ગ્રામ/15 લિટર પાણી મુજબ છાંટો.</td></tr>
<tr><td>કાપણી</td><td colspan="3">તલ 85 થી 90 દિવસે પાકી જાય છે, છોડ આખો પીળો થઇ જાય અને પાંદડા ખરી જાય ત્યારે જ કાપણી કરવી, પછી તેના નાના પુળા વાળી ઉભા કરવાપાકી ગયેલ પાકને સાવચેતી પૂર્વક કાપી લેવો તથા નાના-નાના પુળા બાંધવા.ખેતર માથી સમયસર ઉપાડી સાફ તેમજ પાકી જગ્યાપર રાખી સુકાવા દેવો.</td></tr>
</table>

**અગત્યની નોંધ :** આ સામાન્ય તલની ખેતી પધ્ધતિ છે. તમારા વિસ્તારની આબોહવા અને જમીનના પ્રકાર અનુસાર તેમાં થોડો ફેરફાર થઇ શકે છે. વધુ માહિતી માટે તમારા નજીકના કૃષિ સલાહકાર કે કૃષિ યુનિવર્સિટીનો સંપર્ક કરવો હિતાવહ છે.

INDIAGRO
Catalysing the farm economy